# GMERS GENERAL HOSPITAL, VADNAGAR, DIST : MEHSANA

Kharvad Medan, Sipor Road, Vadnagar, Gujarat -384355

Email :-msgmersvadnagar@gmail.com, Land line-02761 - 222331

Website : www.gmersmchvadnagar.com


ક્રમાંક:GMERS/જહેવ/મેડિકલઑક્સીજન/બોટલ/જા.નિ/ 4190 /૨૦૨૫

તબીબી અધિક્ષકશ્રીની કચેરી

જી.એમ.ઇ.આર.એસ.જનરલ હોસ્પિટલ

વડનગર

તા:- ૦૫ /૦૪/૨૦૨૫

## જાહેર નિવિદા

અત્રેની જી.એમ.ઇ.આર.એસ.જનરલ હોસ્પિટલ, વડનગર ખાતે સારવાર લેવા આવતા દર્દીઓ કે જેઓને મેડિકલ ઑક્સીજનની જરૂરિયાત રહેતી હોય તેવા દર્દીઓને સમયસર અને રાબેતા મુજબ જ ઑક્સીજન પૂરો પાડી શકાય તે હેતુથી મેડિકલ ઑક્સીજન ગેસ રીફિલિંગ બોટલની જરૂરિયાત છે.

ઉપરની વિગતે મેડિકલ ઑક્સીજન ગેસનો વ્યવસાય કરતી રસ ધરાવતી પેઢીઓ પાસેથી નીચે જણાવ્યા મુજબની બોલીઓ અને શરતોને આધિન રહી સીલબંધ કવરમાં નીચે મુજબની સેવાઓના ભાવ મંગાવવામાં આવે છે.

**સદર હું ભાવો સીલબંધ કવરમાં તા:- ૨૧/૦૪/૨૦૨૫ સુધીમાં કચેરી સમય સુધીમાં આ સંસ્થાના ઉપરોકત સરનામે RPAD અથવા તો સ્પીડ પોસ્ટથી મળી રહે તે રીતે મોકલી આપવાના રહેશે. આ અંગેના ભાવો ખુલ્લા કવર કે રૂબરૂમાં સ્વીકારવામાં આવશે નહીં.**

આ અંગેના ભાવો સ્વીકારવા/નકારવાનો અબાધિત હક અત્રેની સ્થાનિક ખરીદ કમિટીને આધીન રહેશે.

સીલબંધ કવરના ઉપર મેડિકલ ઑક્સીજન ગેસ રીફિલિંગના ભાવ એમ લખવાનું રહેશે.

| ક્રમ | મેડિકલ ઑક્સીજન ગેસ રીફિલિંગ બોટલ ટાઈપ | એક નંગ ઑક્સીજન ગેસ રીફિલિંગ બોટલનો ભાવ | GST RATE (%) (AS PER GOVT. RULES) | એક નંગ રીફિલિંગ બોટલનો GST સાથેનો કુલ ભાવ |
|---|---|---|---|---|
| 1 | જમ્બો ઑક્સીજન ગેસ 47 LTR (D TYPE) 7 CU.MT | | | |
| 2 | બી ટાઈપ મેડિકલ ઑક્સીજન ગેસ 10 LTR (B TYPE) 1.5 CU.MT | | | |
| 3 | નાઇટ્રસ ઓકસાઇડ બોટલ 5 LTR (A – TYPE) 1 CU.MT | | | |
| 4 | કાર્બન ડાયોક્સાઇડ (Co2 Gas) B TYPE – 9 KG | | | |

ઉપરોકત અત્રેના નમૂનારૂપ કોષ્ટક મુજબ જ ભાવ- પત્રક મોકલી આપવાના રહેશે.

**GMERS GENERAL HOSPITAL, VADNAGAR, DIST : MEHSANA**

Kharvad Medan, Sipor Road, Vadnagar, Gujarat -384355

Email :-msgmersvadnagar@gmail.com, Land line-02761 - 222331

Website : www.gmersmchvadnagar.com

## બોલીઓ અને શરતો નીચે મુજબ છે.

1. સંસ્થા ખાતે મેડિકલ ઑક્સીજન ગેસ બોટલનો પુરવઠો સમયસર અને નિયત સમયમાં જરૂરિયાત મુજબનો હોસ્પિટલ ખાતે ૨૪ x ૦૭ પૂરો પાડવાનો રહેશે.
2. રસ ધરાવતી પાર્ટીએ પેઢીના અસલ લેટર હેડ ઉપર સહી – સિક્કા સાથે ભાવપત્રક આપવાના રહેશે. ઝેરોક્ષ પત્ર માન્ય રહેશે નહીં.
3. સંસ્થા ખાતે આ જાહેર નિવિદાની આખર તારીખ બાદ આવેલા ભાવપત્રક કોઇ પણ સંજોગોમાં માન્ય રહેશે નહીં.
4. જે – તે પેઢી દ્વારા રજૂ કરેલા ભાવોમાં તમામ કરવેરા, વેટ, ટ્રાન્સપોર્ટેશન, વિગેરે સહિતના ભાવ રજૂ કરવાના રહેશે.
5. મેડિકલ ઑક્સીજન ગેસના મંજૂર થયેલા ભાવો 12 મહિના સુધી અમલમાં રહેશે.
6. **જે – તે પેઢી દ્વારા પેઢીનું GST રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ , પાન કાર્ડ, મેડિકલ ડ્રગ્સ સર્ટિફિકેટ, PESO નું લાઇસન્સ સર્ફિટિકેટ, ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ નું સર્ટિફિકેટ ની નકલ ફરજીયાત રજૂ કરવાની રહેશે.**
7. મેડિકલ ઑક્સીજન ગેસના બીલો 03 કોપીમાં દર મહિનાની 01 થી 05 તારીખ સુધીમાં અત્રે રજૂ કરવાના રહેશે.
8. જે તે પેઢીની સેવા સંતોષકારક જણાયે અત્રેની સ્થાનિક ખરીદ સમિતિની મંજૂરી મેળવી વર્ક ઓર્ડર લંબાવવામાં આવશે.
9. આ જાહેર નિવિદા બાબતે કોઇ પણ આખરી નિર્ણય અત્રેની સ્થાનિક ખરીદ સમિતિનો રહેશે. જે ઓર્ડર મેળવનાર પાર્ટીને બંધનકર્તા રહેશે.
10. ઉપરોકત ક્રમ નં. 01 થી 09 ની શરતો અને બોલીઓ વર્ક ઓર્ડર મેળવનાર પાર્ટીને મંજૂર અને બંધનકર્તા રહેશે.

G.M.E.R.S. GENERAL HOSPITAL + VADNAGAR +

05/04

તબીબી અધિક્ષક

જી.એમ.ઇ.આર.એસ.જનરલ હોસ્પિટલ

વડનગર

જાહેરાત પ્રસિદ્ધ:-

(૧) સંસ્થાના નોટિસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવા સારું..

(૨) સિસ્ટમ મેનેજર, જી.એમ.ઇ.આર.એસ.મેડિકલ કોલેજ, વડનગર www.gmersmchvadnagar.com ઉપર અત્રેની વેબસાઇટ પર અપલોડ કરવા સારું.

(૩) વડનગર નગરપાલિકા નોટિસ બોર્ડ

(૪) તાલુકા પંચાયત વડનગર નોટિસ બોર્ડ

(૫) જાહેર પુસ્તકાલય, વડનગર નોટિસ બોર્ડ